ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 73 ▪ અંક : 11 ▪ તારીખ : 05, સપ્ટેમ્બર, 2025 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### સ્વદેશી અને આત્મનિર્ભર ભારત વિકસિત ભારતના નિર્માણનો રાજમાર્ગ છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી

## રાજ્યના પશુપાલન, ડેરી ઉદ્યોગ અને સહકાર ક્ષેત્રની દુનિયાભરમાં બોલબાલા છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી

અમદાવાદ : ગુજરાતના બે દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉષ્માસભર સ્વાગત કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસના 20 વર્ષની ઉજવણીના ભાગરૂપે 'વિકસિત ગુજરાત' વિકસિત ભારત' કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ ખાતેથી ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, રાજ્યના વરિષ્ઠ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણાને કુલ રૂપિયા 5477 કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી.

આ વિકાસ કામો પૈકી અમદાવાદને રૂ.3125 કરોડના વિકાસકામોની ભેટ મળી હતી, તેમાં UGVCLના ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા રૂ.608 કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂ.133 કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી વિકાસનું લોકાર્પણ, ચાંદખેડા અને ગોતા ખાતે 66kV સબસ્ટેશન તેમજ વિરમગામ ખુડદ રોડના લોકાર્પણનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકામાં સ્ટ્રોમ વૉટર ડ્રેનેજ, પશ્ચિમ અમદાવાદમાં સ્ટેમ્પ્સ એન્ડ રજિસ્ટ્રેશન ભવનનું ખાતમુહૂર્ત, સરદાર પટેલ રિંગરોડને સિક્સ લેન બનાવવાનું ખાતમુહૂર્ત કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર શહેરના રૂ. 555 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

મહેસાણાને કુલ રૂ. 1796 કરોડના પ્રોજેક્ટ્સની ભેટ આપી હતી. તેમાં 1404 કરોડ રૂપિયાના ખર્ચે રેલવે વિકાસના કામોના લોકાર્પણ કર્યા હતા તેમજ બે ટ્રેનનું ફ્લૅગ-ઑફ કર્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં યુજીવીસીએલના 221 કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું, તેમજ માર્ગ-મકાન વિભાગના રૂ. 171 કરોડના ખર્ચે વિવિધ માર્ગોના ખાતમુહૂર્ત કર્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની જનતા પર પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતા દ્રઢતાપૂર્વક જણાવ્યું છે કે, સ્વદેશી અને આત્મનિર્ભર ભારત એ વિકસિત ભારતના નિર્માણનો રાજમાર્ગ છે. આવનારા સમયમાં દેશનો પ્રત્યેક નાગરિક 'વોકલ ફોર લોકલ'નો વાહક બનશે, દરેક નાગરિક સ્વદેશીના મંત્રને જીવી જાણશે. 2047માં જ્યારે ભારત આઝાદીના 100 વર્ષ ઊજવતું હશે ત્યારે ભારત અવશ્ય વિકસિત રાષ્ટ્ર હશે જ.



### આજે આત્મનિર્ભર ભારત અભિયાનને ગુજરાતમાંથી મોટી ઊર્જા મળી રહી છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી

### વડાપ્રધાનશ્રીનું સ્વદેશી વિઝન બન્યું આધુનિક, સશક્ત, આત્મનિર્ભર અને વૈશ્વિક ભારતના નિર્માણનું મિશન : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં નિકોલ ખાતેથી રોડ શૉ કર્યા બાદ વિકાસકાર્યોની ભેટ ધરતાં જણાવ્યું હતું કે, દેશભરમાં ગણેશ ઉત્સવ માટે અદભૂત ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે ગુજરાતના વિકાસ સાથે જોડાયેલી અનેક યોજનાઓના પણ શ્રી ગણેશ થઈ રહ્યા છે. વિકાસકાર્યો જનતા જનાર્દનને સમર્પિત કરવા મળ્યા એને મારું સદભાગ્ય માનું છું. આવનારો સમય તહેવારો-પર્વનો સમય છે. આ સમય આનંદ અને ઉલ્લાસની સાથે સાથે આત્મનિર્ભરતાનો અવસર પણ બનવો જોઈએ. આજે હું પૂજ્ય ગાંધી બાપુની ધરતી પરથી દેશભરના લોકોને આગ્રહ કરવા માગું છું કે, આપણે એક જીવન મંત્ર અપનાવવાનો છે કે જે પણ ખરીદીશું તે ભારતમાં બનેલું જ ખરીદીશું. જે સ્વદેશી હશે, મેડ ઈન ઈન્ડિયા હશે તે જ ખરીદીશું. ઘરની સજાવટ, કોઈને આપવા માટેનો ઉપહાર, દરેક વસ્તુ ભારતમાં બનેલી ખરીદીશું. ઓપરેશન સિંદૂરથી દુનિયાને સુદર્શન ચક્રધારી મોહનનો પરિચય થયો, તો આત્મનિર્ભર ભારત અભિયાન ચરખાધારી મોહનનો પરિચય કરાવશે.

વડાપ્રધાનશ્રીએ દેશભરના વ્યાપારીઓ દુકાનદારોને અનુરોધ કરતા કહ્યું કે, વ્યાપારી વર્ગ નક્કી કરે કે તેઓ વિદેશી માલ નહીં વેચે. વ્યાપારીઓ ગર્વ સાથે સાઈન બોર્ડ લગાવે કે મારે ત્યાં માત્ર સ્વદેશી વસ્તુ મળે છે. જો આ દેશના સામર્થ્યની પૂજા કરવામાં આવે તો દેશવાસીઓ રાષ્ટ્રહિતના સંકલ્પને ક્યારેય વ્યર્થ જવા નથી દેતા.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતની ધરતી બે મોહનની ધરતી છે, એક સુદર્શન ચક્રધારી મોહન - દ્વારિકાધીશ શ્રી કૃષ્ણની અને બીજા ચરખાધારી મોહન - સાબરમતીના સંત મહાત્મા ગાંધીની. ભારત આજે આ બન્ને મોહનોએ દર્શાવેલા રસ્તે ચાલીને નિરંતર સશક્ત થઈ રહ્યું છે. સુદર્શન ચક્રધારી મોહને સમાજનું-દેશનું રક્ષણ કઈ રીતે કરી શકાય, એ આપણને શીખવ્યું છે. ઓપરેશન સિંદૂરમાં આખી દુનિયાએ ભારતના નિર્ણયોમાં આ ભાવને અનુભવ્યો છે.

અનુસંધાન પાના નંબર : 2

## નવી રાષ્ટ્રીય નીતિ હેઠળ સહકારી મંડળીઓ 10 વર્ષમાં 16 મુખ્ય ધ્યેયો હાંસલ કરશે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે સંસદમાં માહિતી આપી હતી કે સરકારે 24 જુલાઈ, 2025 ના રોજ નવી રાષ્ટ્રીય સહકાર નીતિ, 2025 શરૂ કરી છે, જે ભારતના સહકારી ક્ષેત્રના વ્યવસ્થિત અને સર્વાંગી વિકાસ માટે એક વ્યાપક રોડમેપ રજૂ કરે છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, આ નીતિ આગામી 10 વર્ષોમાં 16 મુખ્ય ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે એક મિશન નક્કી કરે છે, જે છ વ્યૂહાત્મક મિશન સ્તંભો હેઠળ જૂથબદ્ધ કરવામાં આવેલ છે. સહકારી મંડળીઓ વધુ સ્વાયત્તતા, પારદર્શિતા અને વ્યાવસાયિકતા સાથે કામ કરવા અને તેમની પહોંચ અને સમાવેશકતાનો વિસ્તાર કરવા આ નીતિ પહેલાંથી જ ઘણા ક્ષેત્રોમાં અમલમાં મૂકવામાં આવી છે.



પ્રથમ સ્તંભ મુજબ આ નીતિ એક અનુકૂળ કાનૂની અને નિયમનકારી વાતાવરણ બનાવવા, સુલભ અને સસ્તાં નાણાંને પ્રોત્સાહન આપવા અને તેમની ભૌગોલિક રીતે વિસ્તૃત કરવા માટે સહકારી મંડળીઓ વચ્ચે સહકારને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

બીજો સ્તંભનો ઉદ્દેશ જીવંતતાને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં સહકારી વેપાર વ્યવસ્થાનો વિકાસ અને સભ્યોની આવક વધારવા માટે આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશ કરવાનો છે.

સહકારી સંસ્થાઓને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે, નીતિમાં ટેકનોલોજી અપનાવવા અને સહકારી સિદ્ધાંતો સાથે સમાધાન કર્યા વિના સહકારી સંસ્થાઓને વ્યાવસાયિક રીતે સંચાલિત આર્થિક

અનુસંધાન પાના નંબર : 3

### ગુજરાત રાજ્ય સહકારી સંઘની 66મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષમાં વધુને વધુ યુવાનો અને મહિલાઓને સહકાર સાથે જોડવા જોઈએ : શ્રી ઘનશ્યામભાઈ અમીન

અમદાવાદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની 66મી વાર્ષિક સાધારણ સભા તથા આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ - 2025 જાગૃતિ કાર્યક્રમ સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીનના અધ્યક્ષ સ્થાને અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્યસભાના સાંસદ અને રાજ્ય સહકારી સંઘના ડાયરેક્ટરશ્રી નરહરિભાઈ અમીન તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટની ઉપસ્થિતિમાં તા.23/08/2025ના રોજ લાયન્સ હોલ, મીઠાખળી, અમદાવાદ મુકામે યોજાયા હતા.

સભાના પ્રમુખ સ્થાનેથી રાજ્ય સંઘ અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીને 66મી વાર્ષિક સાધારણ સભામાં પધારેલ સૌ સભાસદ ભાઈબહેનોને આવકારતાં રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સહકારી પ્રવાહોની માહિતી આપી જણાવ્યું હતું કે, યુનોએ 2025ના વર્ષને 'કૉ-ઓપરેટિવ્સ બિલ્ડ અ બેટર વર્લ્ડ' વિષય વસ્તુ નિર્ધારિત કરીને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે જાહેર કર્યું છે. તેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં સહકારી પ્રવૃત્તિથી થતા લાભાલાભની ચર્ચાઓ કરવા અને વધુને વધુ લોકોને તેની સાથે જોડવા સભાઓ, સેમિનારોનું આયોજન થઈ રહ્યું છે. જેની શરૂઆત 25, નવેમ્બર - 2024ના રોજ ન્યૂ દિલ્હીમાં ભારતીય મંડપમમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આંતરરાષ્ટ્રિય સહકારી સંમેલનના ઉદ્દઘાટનથી કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં વિશ્વના 20 જેટલા દેશોના પ્રતિનિધિઓ ઉપરાંત આપણા દેશના સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તેજ રીતે આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ-2025 નિમિત્તે દેશના વિવિધ રાજ્યોમાં સહકારી કોન્ફરન્સો થઈ રહી છે. જેમાં ગામડાથી લઈ રાજ્ય સ્તરની વિવિધ સહકારી સંસ્થાના સભાસદો, બોર્ડ ડિરેક્ટરો, કર્મચારીઓ અને જનસુદાયને તજજ્ઞો દ્વારા સહકારી પ્રવૃત્તિનું મહત્વ સમજાવવામાં આવે છે. ઉપરાંત સહકારી પ્રવૃત્તિ સાથે યુવાનો અને મહિલાઓ વધુને વધુ જોડાય તે હેતુથી સહકારી સંમેલનોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં સહકારી પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપી તેના લાભાલાભની માહિતી આપવામાં આવે છે.



રાજ્યની સહકારી પ્રવૃત્તિના સાંપ્રત પ્રવાહની માહિતી આપતાં શ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સહકારી સંઘે 18 મે, 2025ના રોજ વિજ્ઞાનભવન, સાયન્સ સીટી ખાતે ગુજરાત સહકારી મહાસંમેલન - 2025નું આયોજન કર્યું હતું. જેમાં માનનીય અમિતભાઈ શાહ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાષ્ટ્રિય અને રાજ્યના સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પ્રાથમિક સહકારી મંડળીથી લઈ રાજ્ય કક્ષાની વિવિધ સહકારી સંસ્થાઓમાંથી 5000 જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ મહાસંમેલનમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના 'સહકારથી સમૃદ્ધિ' સંકલ્પની સમજ અને સહકાર મંત્રાલય દ્વારા માનનીય અમિતભાઈ શાહની રાહબરીમાં લીધેલા વિવિધ પગલાંઓની સમજ મહાનુભાવો અને તજજ્ઞો દ્વારા આપી હતી. આજ રીતે આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ નિમિત્તે - રાજ્યભરમાં વધુને વધુ યુવાનો અને મહિલાઓ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાય અને સહકારી પ્રવૃત્તિથી થતાં ફાયદાઓ જાણે તે માટે સહકારથી સમૃદ્ધિની સમજ આપતાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં.

ચાલુ વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા સહકારી ક્ષેત્રે કરેલ સુધારાની માહિતી આપતા શ્રી અમીને જણાવ્યું હતું કે, રૂ. 50 હજાર સુધીના ધિરાણ ઉપર રૂ. 600- સ્ટેમ્પ લાગતો હતો. તે સ્ટેમ્પ ડ્યુટી રદ કરવામાં આવી છે. જેથી બેન્કોમાંથી નાનું ધિરાણ લેનારને ફાયદો થયો છે. ઉપરાંત સહકારી મંડળીઓને ડિવિડન્ટની મર્યાદા 15 ટકાથી વધારી 20 ટકા સુધી આપવાની છૂટ આપી છે. સહકારી સંસ્થાઓ સભાસદોને

અનુસંધાન પાના નંબર : 3

## સહકારી સંસ્થાઓએ "વોકલ ફોર લોકલ, લોકલ ફોર ગ્લોબલ" સૂત્ર અપનાવવું જોઈએ: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ -2025 ના ભાગ રૂપે, ગુજરાતે ગાંધીનગર ખાતે "સહકાર સે સમૃદ્ધિ" થીમ સાથે એક ભવ્ય સહકારી પરિષદનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને રાજ્યના સહકારી ક્ષેત્રના અનેક અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિષદમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, IFFCO અને NCUIના અધ્યક્ષશ્રી દિલીપભાઈ સંઘાણી, GCMMFના અધ્યક્ષશ્રી અશોકભાઈ ચૌધરી, GSC બેંકના અધ્યક્ષશ્રી અજયભાઈ પટેલ, શ્રી જયેનભાઈ મહેતા અને અન્યો મુખ્ય મહાનુભાવો હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝનને પૂર્ણ કરવામાં સહકારીની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો.

તેમણે સહકારી સંસ્થાઓને "વોકલ ફોર લોકલ, લોકલ ફોર ગ્લોબલ" સૂત્ર અપનાવવા વિનંતી કરી અને ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાન આપવામાં તેમની સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

'આ દ્રષ્ટિકોણને મજબૂત બનાવવા માટે, ભારત સરકારે નવી સહકારી નીતિ - 2025 રજૂ કરી છે. વધુમાં, સહકારી ક્ષેત્ર માટે કુશળ માનવશક્તિ ઉત્પન્ન કરવા માટે આણંદમાં ભારતની પ્રથમ ત્રિ-ભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી રહી છે'.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ 'સબકા સાથ, સબકા વિકાસ'ના સિદ્ધાંત દ્વારા સંચાલિત, સમાવેશી વિકાસ માટે રાજ્યની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી.

સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના નેતૃત્વમાં, ટૂંકા ગાળામાં આ ક્ષેત્રમાં 60થી વધુ પરિવર્તનશીલ પહેલ શરૂ કરવામાં આવી છે.

GCMMFના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી સહિત અન્ય સહકારી નેતાઓએ ગુજરાતના સહકારી મોડેલની પ્રશંસા કરી, PACS કોમ્પ્યુટરાઈઝેશન અને માઈક્રો-ATM જેવા સફળ નવીનતાઓનો ઉલ્લેખ કર્યો, જે ગ્રામીણ સમુદાયોને સશક્ત બનાવી રહ્યા છે.




તજજ્ઞોએ 'સ્વદેશીથી આત્મનિર્ભર ભારત'ના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) ના મહત્વપૂર્ણ યોગદાન પર પણ ભાર મૂક્યો. ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સહકારી પ્રવૃત્તિઓમાં સામેલ કરીને, PACS ગ્રામીણ અર્થતંત્રને વેગ આપી રહ્યું છે અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપી રહ્યું છે.

આ પરિષદનું સમાપન એક સંકલ્પ સાથે થયું કે ગુજરાતની સહકારી ચળવળ ખેડૂતો, મહિલાઓ અને ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવતી રહેશે, સાથે સાથે આત્મનિર્ભરતા અને વૈશ્વિક નેતૃત્વ તરફ ભારતની કૂચના આધારસ્તંભ તરીકે સેવા આપશે.

# આણંદ જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજિત યુવક સહકારી શિક્ષણ વર્ગ

સોજીત્રાઃ ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ અને તાલીમની કામગીરીના ભાગરૂપે આણંદ જિલ્લા સહકારી સંઘ, આણંદના ઉપક્રમે સોજીત્રા મુકામે શ્રી ભાઈકાકા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં યુવક સહકારી શિક્ષણ વર્ગનો ઉદઘાટન કાર્યક્રમ આણંદ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી રજનીકાન્તભાઈ પટેલના પ્રમુખપણ હેઠળ યોજાયો. સદર કાર્યક્રમમાં આણંદ જિલ્લા સહકારી સંઘના ઓફિસરશ્રી કલ્પેશભાઈ રબારીએ જિલ્લા સહકારી સંઘની શિક્ષણ અને તાલીમની કામગીરી વિશે માર્ગદર્શન આપ્યું હતું.

કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો. બી. ડી. પરમારે વિના સહકાર નહિ ઉદ્ધાર એ સૂત્રને વિસ્તૃતમાં સમજાવી યુવાનોને સહકારી પ્રવૃત્તિમાં જોડાઈ લાભ લેવા જણાવેલ છે. સદર કાર્યક્રમમાં આણંદ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી રજનીકાન્તભાઈ પટેલ, કોલેજના અર્થશાસ્ત્રના અધ્યાપકશ્રી ગીરીશભાઈએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ કોલેજના અર્થશાસ્ત્રના અધ્યાપકશ્રી વૈશાલબેન દ્વારા કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન આણંદ જિલ્લા સહકારી સંઘના મહિલા સી. ઈ. આઈ. શ્રી પિન્ટુબેન એ. પટેલે કર્યું હતું. વર્ગમાં 67 જેટલા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો છે.




# શ્રી હડીયાણા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

જામનગર : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ની ઉજવણીના ભાગ રૂપે તારીખ 02/8/2025ના રોજ શ્રી હડીયાણા સેવા સહકારી મંડળી લિ. મુ.,હડીયાણા તા.જોડીયાની વાર્ષિક સાધારણ સભા પ્રસંગે જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા એક સહકારી સેમિનાર સંઘના પ્રમુખશ્રી જયંતભાઈ સી.વિરાણીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ. આ સેમિનારમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર- જામનગરના હેડ અને સિનિયર સાયન્ટીસ્ટશ્રી ડો.કે.પી.બારૈયાએ ખેડૂતોને ખેતી માટે વપરાતા ખાતરો, બિયારણો અને જંતુનાશક દવાઓ વિશે ઉંડાણ પૂર્વક સમજણ આપી હતી.




સેમિનારમાં સંઘના માનદમંત્રીશ્રી વશરામભાઈ ચોવટીયાએ દરેક સભાસદે મંડળીની વાર્ષિક સાધારણ સભામાં અવશ્ય હાજરી આપવી જોઈએ અને મંડળીની સેવાઓનો ન્યૂનતમ ઉપયોગ કરવો જોઈએ. આ માટે કાયદામાં પણ જોગવાઈ કરવામાં આવેલ છે તેમ જણાવ્યું હતું. આ સેમિનારમાં સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સેમિનારમાં અધ્યક્ષસ્થાનેથી સંઘના પ્રમુખશ્રી જયંતભાઈ સી.વિરાણી(જે. સી.વિરાણી) એ શ્રી હડીયાણા સેવા સહકારી મંડળીના પ્રમુખશ્રી કાનાણી અને વ્યવસ્થાપક સમિતિને મંડળીના સારા સંચાલન માટે અભિનંદન આપતા જણાવેલ કે, કેન્દ્ર સરકારે સહકાર મંત્રાલયની

અનુસંધાન પાના નંબર : 3

# ચાણસ્મા આર્ટસ-કોમર્સ કોલેજમાં આંતર રાષ્ટ્રીય સહકારિતા વર્ષ - 2025 નિમિત્તે યોજાયો યુવક સહકારી શિક્ષણ અને તાલીમ વર્ગ

પાટણઃ- ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા 'નીમા મેમોરિયલ' ગ્રામ વિકાસ ટ્રસ્ટ,રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રૂપપુર-ચાણસ્માના ઉત્સાહી આચાર્યા ડો. વર્ષાબહેન સી. પટેલના પ્રોત્સાહન તેમજ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રોફેસર ડો.શૈલેષભાઈ એ.પટેલની સતત દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના ઉપક્રમે આંતર રાષ્ટ્રીય સહકારિતા વર્ષ-2025 નિમિત્તે કોલેજના વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે પાટણ જિલ્લા સહકારી સંઘના CEI શ્રી ડી.વી.પટેલના સંચાલન હેઠળ તારીખ 18 થી તારીખ 23 ઓગસ્ટ દરમ્યાન છ દિવસીય યુવક સહકારી શિક્ષણ અને તાલીમ વર્ગમાં વિશ્વના અને દેશ, પ્રદેશના સાંપ્રત સહકારી પ્રવાહો ઉપરાંત ICA અર્પિત નવા સહકારી સિધ્ધાંતો, સહકારી કાયદા,સહકારી હિસાબી પધ્ધતિઓ અને સહકારી ઓડિટ વ્યવસ્થાપન, પ્રદેશ-દેશ-વિદેશની અર્થવ્યવસ્થાની



જીવાદોરી જેવી સહકારી પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. CEI દેવરાજભાઈ વી પટેલ, કા.આચાર્યા ડો.વર્ષાબહેન સી પટેલ અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. શૈલેષભાઈ પટેલે યુવા તાલીમાર્થીઓને ગામમાં જો સહકારી મંડળી ના હોય તો ખૂબ જ ઝડપથી ગ્રામ સભા કરી સૌનો સહયોગ મેળવી સહકારી મંડળી સ્થાપવા અનુરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓએ જનજાગૃતિ માટે સહકારી રેલી કાઢી હતી.

ચાણસ્મા કોલેજ કર્મચારીઓની બચત અને ધિરાણ સહકારી મંડળીની મુલાકાત લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના એસોસિએટ પ્રોફેસર દિનેશચંદ્ર વી પટેલે અને આભાર દર્શન અધ્યાપક સહાયક ડો. સંજયભાઈ ડી. ડાભીએ કર્યું હતું.

# શ્રી જામનગર સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. ની સાધારણ સભા યોજાઈ

ભાવનગર : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ની ઉજવણીના ભાગ રૂપે તારીખ 25/07/2025ના રોજ શ્રી જામનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. જામનગરની વાર્ષિક સાધારણ સભા પ્રસંગે જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા 'સહકારથી સમૃધ્ધિ' વિષય ઉપર એક સહકારી સેમિનાર રાજ્યના કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ.

આ સેમિનારમાં સંઘના માનદમંત્રીશ્રી વશરામભાઈ ચોવટીયાએ સંઘની સહકારી શિક્ષણ, તાલીમ કામગીરી વિશે માહિતી આપી હતી. આ સેમિનારમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ જામનગરની કચેરીના ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી કટારમલે માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારના અધ્યક્ષ ગુજરાત સરકારના કેબિનેટ અને કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ખેડૂતો માટે જુદી જુદી યોજનાઓ સમજાવી જણાવ્યું હતું કે, ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ વળવા અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરશો તો જ તેનો યોગ્ય ફાયદો થશે. સને 2024-25ના વર્ષમાં શ્રી જામનગર તાલુકો સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. દ્વારા રૂા.એક કરોડ ચુમાલીશ લાખ જેવો માતબર નફો કરવામાં આવેલ છે. જે બદલ ઉપસ્થિત સહુ આગેવાનોએ તાલુકા સંઘના પ્રમુખશ્રી મગનભાઈ ભેસદડીયા, ઉપપ્રમુખશ્રી પ્રદિપસિંહ જાડેજા, મેનેજરશ્રી પ્રભુલાલ મણવર તેમજ સમગ્ર વ્યવસ્થાપક કમિટીને અભિનંદન આપેલ. તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની સાધારણ સભાનું સંચાલન મેનેજરશ્રી પ્રભુલાલ મણવરે કરેલ તેમજ સહકારી સેમિનારનું સંચાલન સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસશ્રી પ્રજ્ઞેશ પી.નાકરાણીએ કરેલ.




## રાજ્યના પશુપાલન..... પાના નંબર : 1નું અનુસંધાન

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે ચરખાધારી મોહન મહાત્મા ગાંધીએ દેશની સમૃદ્ધિનો માર્ગ સ્વદેશીમાં હોવાનું ચીંધ્યું હતું. તે જ રીતે આજે ભારતે આત્મનિર્ભરતાને વિકસિત ભારતના નિર્માણનો આધાર બનાવી દીધો છે આજે દેશના ખેડૂતો, પશુપાલકો, નાના ઉદ્યમીઓ, માછીમારોના બળે દેશ ઝડપથી વિકાસના માર્ગે ચાલી રહ્યો છે અને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહ્યો છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજે આત્મનિર્ભર ભારત અભિયાનને ગુજરાતમાંથી મોટી ઊર્જા મળી રહી છે. બે દાયકાની સખત મહેનતનું આ પરિણામ છે. રાજ્યના પશુપાલન, ડેરી ઉદ્યોગ અને સહકાર ક્ષેત્રની દુનિયાભરમાં બોલબાલા છે. તાજેતરમાં ફિજીના વડાપ્રધાને પણ ભારતના ડેરી ઉદ્યોગ અને સહકાર ક્ષેત્રની વાત સન્માનપૂર્વક કરી હતી, અને તેમના દેશમાં પણ સહકારી માળખું ગોઠવવા માંગણી કરી હતી.

ગુજરાતના પશુપાલનની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે રાજ્યમાં પશુપાલનમાં મહિલાઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. બહેનોએ પશુપાલન કરીને ડેરી ક્ષેત્રને મજબૂત અને આત્મનિર્ભર બનાવ્યું છે. જેના પરિણામે ભારતના ડેરી ઉદ્યોગના ચારેકોર જયગાન સાંભળવા મળે છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં ખાતરી આપતાં જણાવ્યું હતું કે, આજે દુનિયાભરમાં આર્થિક સ્વાર્થવાળી રાજનીતિ જોવા મળી રહી છે ત્યારે અમદાવાદની ધરતી પરથી દેશના ખેડૂતો, પશુપાલકો, દુકાનદારો, લઘુ ઉદ્યમીઓને વારંવાર વાયદો કરું છું કે મારા માટે તમારાં હિત સર્વોપરી છે.

આજે ગુજરાતીઓ માટે ગર્વની વાત છે કે ગુજરાત મેન્યુફેક્ચરિંગનું હબ બની ગયું છે. દરેક પ્રકારના ઉદ્યોગનો વિસ્તાર ગુજરાતની ધરતી પર થઈ રહ્યો છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, દાહોદની રેલ્વે ફેક્ટરીમાં તાકાતવર ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન બની રહ્યા છે. આજે ગુજરાતમાં બનેલા રેલવે કોચ બીજા દેશોને એક્સપોર્ટ થઈ રહ્યા છે, એટલું જ નહીં ગુજરાતમાં મોટી સંખ્યામાં મોટરસાયકલ, કાર જેવા વાહનોનું મેન્યુફેક્ચરિંગ થઈ રહ્યું છે. દેશ અને દુનિયાની મોટી મોટી કંપનીઓ ગુજરાતમાં ફેક્ટરી લગાવી રહી છે. ગુજરાતમાં એરોપ્લેનના અલગ અલગ પાર્ટ્સ બનાવીને તેના એક્સપોર્ટનું કામ પહેલાથી ચાલતું હતું હવે વડોદરામાં ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ બનાવવાનું કામ પણ શરૂ થયું છે, અને હવે ગુજરાત ઈલેક્ટ્રોનિક વ્હીકલ મેન્યુફેક્ચરિંગનું પણ સેન્ટર બનવા જઈ રહ્યું છે. જેટલા પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો બને છે તે સેમિકન્ડક્ટર વિના બની શકતા નથી ત્યારે ગુજરાત હવે સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદન ક્ષેત્રે મોટું નામ કરવા જઈ રહ્યું છે. ઉપરાંત ટેક્સટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલરી આ તમામ ગુજરાતની ઓળખ બની ગયા છે. દવા અને વેક્સિન જેવી ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટસની દેશની કુલ નિકાસમાંથી ત્રીજા ભાગની નિકાસ ગુજરાતમાંથી થાય છે. ભારત સૌર ઊર્જા, પવન ઊર્જા અને પરમાણુ ઊર્જાના ઉત્પાદનમાં તેજ ગતિથી આગળ વધી રહ્યું છે, તેમાં પણ ગુજરાતનું મોટું યોગદાન છે.

ગુજરાત રિન્યુઅલ એનર્જી અને પેટ્રોકેમિકલ્સનું પણ મોટું કેન્દ્ર બની ચૂક્યું છે. દેશની પેટ્રોકેમિકલ જરૂરિયાતો પૂરી કરવામાં ગુજરાત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્લાસ્ટિક, સિન્થેટિક ફાઈબર, ફર્ટિલાઈઝર, દવાઓ, પેઈન્ટ અને કોસ્મેટીક્સ આ તમામ ઉદ્યોગોનું મુખ્ય આધાર પેટ્રોકેમિકલ સેક્ટર જ છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ઉદ્યોગ, ખેતી, પ્રવાસન, રોજગાર સર્જન દરેક માટે કનેક્ટિવિટી ખૂબ જ જરૂરી છે. પાછલા બેથી ત્રણ દશકમાં ગુજરાતમાં કનેક્ટિવિટીની કાયાપલટ થઈ ચૂકી છે. આજે ગુજરાતમાં કનેક્ટિવિટી ને લગતા ઘણા પ્રોજેક્ટસના ખાતમુહૂર્ત લોકાર્પણ કર્યા છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, દેશના શ્રમિક પરિવારોને ગુણવત્તા યુક્ત જીવન ધોરણ મળે તે માટે આપણે અનેક પ્રયાસો કર્યા છે. અને એટલા માટે જ ગરીબો માટે ગેટેડ સોસાયટી બનાવવાના નિર્ણય કર્યા છે. ઝૂંપડપટ્ટીઓની જગ્યાએ પાકા મકાન બનાવવાના અનેક પ્રોજેક્ટ સરકારે પૂરા કર્યા છે. આ વખતે લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવો એ આપણી મુખ્ય પ્રાથમિકતા છે. શેરી ફેરીયાઓ અને લારીવાળા માટે પી.એમ. સ્વનિધિ યોજના શરૂ કરીને 17 લાખ લારીવાળાઓને બેંકમાંથી લોન અપાવી છે. ગુજરાતના પણ લાખો લોકોને આ યોજનાનો ફાયદો થયો છે. દેશમાં 25 કરોડ જેટલા લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે તેની ચર્ચા વિશ્વભરના ઈકોનોમિસ્ટ કરી રહ્યા છે. ગરીબી રેખામાંથી બહાર આવેલો નિયો મિડલક્લાસ અને મીડલ ક્લાસ દેશની સૌથી મોટી તાકાત છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, અમદાવાદ ભારતનું પહેલું વર્લ્ડ હેરીટેજ સીટી છે. પ્રવાસના આધુનિક આયામોનો વિકાસ પણ અમદાવાદમાં થઈ રહ્યો છે. પહેલા ગુજરાતમાં પ્રવાસનના વિકલ્પો ઉપલબ્ધ ન હતા. આજે કચ્છનો રણ ઉત્સવ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, બેટ દ્વારકાનો સિગ્નેચર બ્રિજ, આવા અનેક પ્રવાસન સ્થળોનો ગુજરાતમાં વિકાસ થયો છે. અમદાવાદ કોન્સર્ટ ઈકોનોમીનો પણ મોટું કેન્દ્ર બની રહ્યું છે. થોડા મહિના કોલ્ડ પ્લે કોન્સર્ટ અમદાવાદમાં થયો તેની ચર્ચા આજે વિશ્વભરમાં થઈ રહી છે. આપણે સાબિત કર્યું કે, અમદાવાદ મોટા મોટા કોન્સર્ટ અને સ્પોર્ટિંગ ઈવેન્ટનું યજમાન બની શકે છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ આજે ઈકોનોમિક પાવર હાઉસ તેમજ અર્બન પ્લાનિંગનું ટ્રેન્ડસેન્ટર બની ગયું છે. આજે લોકાર્પિત થયેલાં શહેરી વિકાસનાં કાર્યો મહાનગરોમાં અર્નિંગ વેલ લિવિંગ વેલનો ધ્યેય સાકાર કરશે. વડાપ્રધાનશ્રીએ વિકાસની નવી પરંપરાનો પ્રારંભ કરાવ્યો. સૌના સાથ સૌના વિકાસના મંત્ર સાથે શહેરથી લઈને ગામડાંઓ સુધી સર્વગ્રાહી વિકાસને આગવી દિશા આપી છે. તેમના નેતૃત્વમાં ગ્રીન, ક્લિન, સ્માર્ટ અને સસ્ટેનેબલ શહેરો માટે વિકાસ પરિયોજનાઓ ચલાવવામાં આવી રહી છે. શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનથી શહેરી વિકાસ વર્ષની બે દાયકાની સફળતાને પગલે આપણે વર્ષ 2025ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ.

આત્મનિર્ભર ભારત અંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીનું સ્વદેશી વિઝન હવે આધુનિક, સશક્ત, આત્મનિર્ભર અને વૈશ્વિક ભારતના નિર્માણનું મિશન બની ગયું છે. વડાપ્રધાનશ્રીએ વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલનો મંત્ર આપ્યો છે, જેના માટે સ્ટાર્ટઅપ્સ, એમએસએમઈ, સ્થાનિક ઉદ્યોગો, ગ્રામીણ અર્થતંત્ર, હસ્તકલાઓને વધુને વધુ અપનાવીને તથા તેને પ્રોત્સાહન આપીને સ્વદેશી મિશનને વેગવાન બનાવીએ. વડાપ્રધાન કહે છે, તેમ આત્મનિર્ભર ભારત એ 140 કરોડ ભારતીયોનો સંકલ્પ છે. દેશની જનતાને અતૂટ વિશ્વાસ છે કે શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનીને રહેશે.

# મહીસાગર જિલ્લા સહકારી સંઘ યોજિત યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ

લુણાવાડા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ અને મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે તારીખ 28/07/2025 થી 02/08/2025 દરમ્યાન શ્રી આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર તા-સંતરામપુર, જિ. મહીસાગર ખાતે યુવક સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામના ઉદઘાટન પ્રસંગે મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ ચૌહાણે સૌનું સ્વાગત કરી યુવક સહકારી શિક્ષણ વર્ગની રૂપરેખા આપી હતી. મહીસાગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન, માજી ધારાસભ્ય તથા અમૂલ ડેરીના ડિરેક્ટર શ્રી રાજેશકુમાર ગજાનન પાઠક (પપ્પુભાઈ), મહીસાગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી શ્રી બચુભાઈ રાયમલભાઈ ચૌહાણ, મહીસાગર જિલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેનશ્રી પટેલ મનોજભાઈ રાયજીભાઈ તથા ડિરેકટરોશ્રીએ યુવક સહકારી શિક્ષણ વર્ગ સફળ રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે એન. એસ. એસ. વિભાગના કો.ઓર્ડીનેટર શ્રી ડો. પંકજભાઈ ચૌધરીએ કોલેજના પ્રિન્સિપાલ ડો.અભયકુમાર પરમાર તથા ડો.અમૃતભાઈ ઠાકોરે સહકારી પ્રવૃત્તિ અને રાષ્ટ્રીય સેવા યોજના થકી વ્યક્તિ નિર્માણ, સમાજ નિર્માણ કરી વિશ્વનું કલ્યાણ કરી શકાય છે. આ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા, આ પ્રોગ્રામનું સફળ સંચાલન શ્રી મોતીભાઈ એસ.પગીએ કર્યું હતું.

# ભરૂચ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

અંકલેશ્વર : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના મુજબ ભરૂચ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે અંકલેશ્વર તાલુકાના અંકલેશ્વર શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાઈ ગયો. આ કાલેજેના 82 જેટલા તાલીમાર્થીઓએ તાલીમ લીધી હતી.

યુવક સહકારી શિક્ષણ વર્ગનો પૂર્ણાહુતિ કાર્યક્રમ તારીખ 8-8-2025ના રોજ કરવામાં આવ્યો. જેમાં ભરૂચ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી ભરતભાઈ પટેલે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025 અંતર્ગત વધુને વધુ સહકારી પ્રવૃત્તિનાં કાર્યક્રમો દ્વારા લોકોને સહકારી પ્રવૃત્તિ સાથે જોડવાનો અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ભરૂચ જિલ્લા સહકારી સંઘના મહિલા સહકાર સમિતિના પ્રમુખ શ્રીમતી નીરૂબેન આહિરે જણાવ્યું હતું કે, સમાજનો, રાષ્ટ્રનો જો વિકાસ કરવો હસે તો મહિલાઓએ જ પહેલું પગલું ભરવું પડશે.

સ્વાગત પ્રવચન કોલેજના પ્રોફેસર શ્રી જગદીશભાઈ ઈ. કંથારીયાએ કર્યું હતું. તાલીમનો અભિપ્રાય પણ તાલીમાર્થીઓએ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા સી. ઈ. આઈ. શ્રી મમતા એસ. પંડ્યાએ કર્યું હતું. આભાર વિધિ જિલ્લા સંઘના સી. ઈ. આઈ. શ્રી સારથી પટેલે કરી હતી.

# શ્રી શેઠ પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,ગોધરા યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ પૂર્ણાહુતિ કાર્યક્રમ

પંચમહાલ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અનુસાર પંચમહાલ જિલ્લા સહકારી સંઘ ગોધરાના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ - 2025ની ઉજવણીના ભાગરૂપે શ્રી શેઠ પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા મુકામે યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. જેનો તારીખ 02/08/2025ના રોજ પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો, જેમાં સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારુલબેન ડી. સોલંકી તથા કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો.એમ.બી.પટેલ તથા કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શાબ્દિક સ્વાગત કોલેજના પ્રિન્સિપાલ શ્રી એમ. બી પટેલે કર્યું હતું.

અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક શ્રી ઘનશ્યાભાઈ જોગરાણાએ જણાવ્યું કે, સરકાર દ્વારા સહકાર વિભાગ હેઠળ વિવિધ સરકારી યોજનાઓનો લાભ લઈ કૃષિ તેમજ ડેરી ક્ષેત્રનો વિકાસ કરી શકાય છે. જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારુલબેન ડી. સોલંકી એ પ્રાસંગિક પ્રવચનમાં રાષ્ટ્રીય કક્ષાની ત્રણેય નવી સંસ્થાઓ અંગે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં છ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ વર્ગ અંગેનો પ્રતિભાવ આપ્યો હતો. આ વર્ગમાં કુલ 85 ભાઈઓ બહેનોએ સફળતાપૂર્વક તાલીમ મેળવેલ હતી. આ વર્ગનું સફળ સંચાલન સંઘના સી.ઈ.આઈ શ્રી દેવેન્દ્રસિંહ બી. સોલંકી એ કર્યું હતું. અને આ કાર્યક્રમની આભાર વિધિ કોલેજના પ્રાધ્યાપક ડો. અનિલભાઈ રાઠોડે કરી હતી.

2025
International Year of Cooperatives
Cooperatieds Build a Better World

# ગુજરાત રાજ્ય સહકારી સંઘ
(Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives
''સહયોગ'' (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૫૩૫૨૨૨૦ / ૧૫૪૪
E-mail : gscu@rediffmail.com • E-mail : info@gujaratscu.com
Website : www.gujaratscu.com

પરિપત્ર નં. / 4 / 2025-26 તારીખ : 14/08/2025

## વિષય : સને 2024–25 ના વર્ષમાં સારું કામ કરનાર ' શરાફી સહકારી ધિરાણ મંડળીઓ ' (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) માટે શિલ્ડ હરિફાઈ વર્ષ 2025–26.

રાજ્ય સહકારી સંઘની તા.21/10/2024 ના રોજ મળેલ શિલ્ડ સમિતિની સભાએ 2024-25 ના વર્ષમાં સારું કામ કરનાર 'શરાફી સહકારી ધિરાણ મંડળીઓ' (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) ને શિલ્ડ અને પ્રમાણપત્ર આપવા માટેની હરિફાઈ સને 2025-26 ના વર્ષમાં યોજવાનું નક્કી કરેલ છે. દરેક જિલ્લામાં ત્રણ વિજેતા મંડળીઓને નીચેની વિગતે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

1. પ્રથમ નંબરે આવનાર મંડળીને પ્રભાવક શિલ્ડ અને પ્રમાણપત્ર
2. દ્વિતીય નંબરે આવનાર મંડળીને આકર્ષક શિલ્ડ અને પ્રમાણપત્ર
3. તૃતીય નંબરે આવનાર મંડળીને શિલ્ડ અને પ્રમાણપત્ર

### હરિફાઈના પ્રચાર અંગે :

રાજ્ય સહકારી સંઘની યોજના મુજબ આ શિલ્ડ હરિફાઈના પ્રચાર માટે રાજ્ય સહકારી સંઘ તરફથી જિલ્લા સહકારી સંઘો મારફતે જે તે પ્રકારની સહકારી મંડળીઓને પરિપત્ર મોકલવામાં આવે છે. આ ઉપરાંત આ હરિફાઈ માટે વધુ પ્રસિદ્ધિ અને પ્રચાર થાય તે માટે નીચે જણાવ્યા મુજબના પ્રયત્નો કરી શકાય.

(1) દરેક જિલ્લા સહકારી સંઘે હરિફાઈની વિગતોને યોગ્ય પ્રસિદ્ધિ આપવા માટે જિલ્લાની તમામ 'શરાફી ધિરાણ સહકારી મંડળીઓ' (પગારદાર કર્મચારીઓની મંડળીઓ સિવાય) ને પરિપત્ર પાઠવવો.

(2) જિલ્લા સહકારી સંઘ દ્વારા પ્રસિદ્ધ થતા સામયિકમાં તેમજ સ્થાનિક દૈનિક કે સાપ્તાહિક સામયિકોમાં હરિફાઈના મહત્વના મુદ્દાઓની વિગતો જણાવવી.

(3) દરેક સી.ઈ.આઈ.તેમજ મહિલા સી.ઈ.આઈ.ઓ તેમના કાર્યક્ષેત્રના તાલુકાઓમાં આવેલી શરાફી સહકારી ધિરાણ મંડળીઓનાં ધ્યાન ઉપર આ હરિફાઈની વિગતો લાવી તેઓને પ્રવેશપત્રક ભરવામાં તેમજ હરિફાઈમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે તે જરૂરી છે. આ કામગીરીનો ઉલ્લેખ તેમણે તેમની માસિક ડાયરીમાં પણ કરવો.

(4) તમામ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓએ તેમના અધિકારીઓ/વિસ્તરણ અધિકારીઓ મારફતે સારું કામ કરતી આવા પ્રકારની મંડળીઓ વધુ સંખ્યામાં શિલ્ડ હરિફાઈમાં ભાગ લે તે માટે મંડળીઓને પ્રોત્સાહિત કરે તેવી અપેક્ષા છે.

### શ્રેષ્ઠ મંડળીની પસંદગી :

શિલ્ડ તેમજ પ્રમાણપત્રો આપવા માટે ગુજરાત રાજ્ય સહકારી સંઘને ભલામણ કરવા માટે નીચે જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાએ 'જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિ' ની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| 1. | જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી અથવા તેમના પ્રતિનિધિ | અધ્યક્ષ |
| 2. | જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ | સભ્ય |
| 3. | ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રતિનિધિ | સભ્ય |
| 4. | જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર/મેનેજર | સભ્ય - મંત્રી |
| 5. | જિલ્લા સહકારી બેન્કના પ્રતિનિધિ / મેનેજર | સભ્ય |

### પસંદગી અંગેના મુદ્દાઓ :

(1) શિલ્ડ હરિફાઈમાં ભાગ લેનાર મંડળીનો છેલ્લો ઓડિટ વર્ગ 'અ' અથવા 'બ' હોવો જોઈએ. સને 2024-2025 ના વર્ષમાં સભાસદોને વધુમાં વધુ વિવિધ સેવાઓ આપેલી હોવી જોઈએ.

(2) દરેક જિલ્લામાંથી ત્રણ મંડળીઓની પસંદગી તેમની કામગીરીની ગુણવત્તાના ધોરણે જ કરવાની છે, અને ત્રણ મંડળીઓની પૂરેપૂરી સંખ્યામાં જ પસંદગી કરવી આવકાર્ય છે. એટલે કે કોઈપણ એક નંબર ઉપર બે મંડળીઓનો સમાવેશ કરવો નહિ.

(3) આ હરિફાઈમાં જિલ્લામાંથી ઓછામાં ઓછી પાંચ મંડળીઓ ભાગ લે તે જરૂરી છે. જો પાંચથી ઓછી મંડળીઓએ ભાગ લીધો હશે તો તેમાંથી ફકત એક જ શ્રેષ્ઠ મંડળીની પસંદગી કરવાની રહેશે.

(4) મંડળીએ રાજ્ય સંઘનું શિક્ષણ ફંડ નિયમિત ભરેલું હોવું જોઈએ.

(5) રાજ્ય સંઘના સામયિકો 'સહકાર' અને ''ગ્રામસ્વરાજ'' ના લવાજમ મંડળીએ ભરેલાં હોવા જરૂરી છે.

(6) મંડળીના હોદ્દેદારો/કમિટી સભ્યો અને કર્મચારીઓએ સહકારી શિક્ષણ, તાલીમ મેળવેલ હોય તે આવકાર્ય છે.
ઉપરોકત બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રવેશપત્રકમાં કરવો અનિવાર્ય છે.

(7) આ અગાઉ યોજાયેલ શરાફી સહકારી ધિરાણ મંડળીઓ (પગારદાર કર્મચારીઓ સિવાય) ની શિલ્ડ હરિફાઈમાં જે મંડળી પ્રથમ નંબરે આવી હોય તે મંડળી આ હરિફાઈમાં ભાગ લઈ શકશે નહીં.

(8) સદર હરિફાઈ સહકારી પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે હોવાથી- કોઈ બાબતે- કાયદાકીય કાર્યવાહી કરી શકશે નહીં.

જિલ્લા સહકારી સંઘની પસંદગી સમિતિના સભ્યમંત્રીએ હરિફાઈમાં ભાગ લીધેલ તમામ મંડળીઓની માહિતી સંકલિત માહિતીપત્રકમાં પૂરેપૂરી મોકલવી જરૂરી છે. તે સાથે તમામ મંડળીઓના પ્રવેશપત્રકો, વાર્ષિક અહેવાલો અને પેટા-કાયદાની નકલો મોકલવી.

આ ઉપરાંત પસંદગી સમિતિએ શ્રેષ્ઠ મંડળીઓની પસંદગી માટે કરેલ ઠરાવ સમિતિના અધ્યક્ષશ્રી તથા સભ્ય-મંત્રીશ્રીની સહી સાથે રાજ્ય સંઘને અવશ્ય મોકલવો.

### પ્રવેશપત્રકો ભરી મોકલવા અંગે :

(1) હરિફાઈમાં ભાગ લેનાર સહકારી મંડળીઓએ મોડામાં મોડા તા.17/09/2025 સુધીમાં પ્રવેશપત્રકો જિલ્લા સહકારી સંઘમાં મોકલી આપવા. પ્રવેશપત્રકોની માહિતીની ચકાસણી કરી તેનું સંકલિત માહિતીપત્રક તૈયાર કરી સભ્ય–મંત્રીએ જિલ્લા પસંદગી સમિતિમાં રજૂ કરવું.

(2) હરિફાઈમાં ભાગ લેનાર મંડળીઓની સંકલિત માહિતી ધ્યાનમાં લઈ જિલ્લા પસંદગી સમિતિ ગુણવત્તાના ધોરણે ત્રણ મંડળીઓની પસંદગી શિલ્ડ અને પ્રમાણપત્ર માટે કરશે. આ માટે સમિતિ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતો ઠરાવ કરશે.

(3) જિલ્લા પસંદગી સમિતિના સભ્ય-મંત્રીએ સ્પર્ધક હરિફાઈ માટે મંડળીઓ તરફથી મળેલ તમામ પ્રવેશપત્રકો મંડળીના વાર્ષિક અહેવાલો, મંડળીના પેટા કાયદાની નકલો, સંકલિત માહિતીપત્રક વિગેરે જિલ્લા પસંદગી સમિતિનો વિજેતા મંડળીઓ અંગેનો સ્પષ્ટ અભિપ્રાય આપતો ઠરાવ સહી-સિક્કા સાથે રાજ્ય સંઘને મોડામાં મોડા તા.13/10/2025 સુધીમાં મળી જાય તેમ જિલ્લા સંઘ મારફતે મોકલી આપવો.

(4) ઉપરોકત ક્રમ (3) માં જણાવેલ તમામ વિગતો અને જિલ્લા પસંદગી સમિતિનો અભિપ્રાય વિગરે ધ્યાનમાં લઈ રાજ્ય સંઘની શિલ્ડ સમિતિ, શિલ્ડ અને પ્રમાણપત્ર આપવા બાબતે નિર્ણય લેશે, અને આ નિર્ણય આખરી ગણાશે. સામાન્ય રીતે જિલ્લા પસંદગી સમિતિનો પોતાનો અભિપ્રાય આપતો ઠરાવ સર્વાનુમતે કરવો જરૂરી છે. હરિફાઈમાં ભાગ લીધેલ વિજેતા સંસ્થાઓની માહિતી સાથેનું પત્રક તૈયાર કરી તમામ પત્રો સાથે રાજ્ય સહકારી સંઘને મોકલી આપવું.

શિલ્ડ હરિફાઈમાં ભાગ લેવા ઈચ્છતી 'શરાફી સહકારી ધિરાણ મંડળીઓ' એ ભરવાના પ્રવેશપત્રકો અલગ પોસ્ટ આંગડીયા મારફતે જિલ્લા સહકારી સંઘોને મોકલી આપવામાં આવ્યા છે.

(ડૉ.રાજેન્દ્ર સી.ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર

# બોટાદ જિલ્લાની ક્રેડિટ સોસાયટીઓના ચેરમેન-ડિરેક્ટર્સ તથા કર્મચારીઓ માટે સહકારી તાલીમ શિબિર

બોટાદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ, બોટાદ જિલ્લા સહકારી સંઘ અને ગુજરાત સ્ટેટ કો-ઓપ.ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે બોટાદ જિલ્લાની ક્રેડિટ સોસાયટીઓના ચેરમેન-ડિરેક્ટર્સ તથા કર્મચારીઓ માટે સહકારી તાલીમ શિબિર યોજાઈ હતી.આ શિબિરના ઉદઘાટક તરીકે ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીન સંજોગોવસાત ઉપસ્થિત રહી શકયા ન હતા. તેમણે કાર્યક્રમની શુભેચ્છા પાઠવેલ હતી. શિબિરના મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષ તરીકે એ.પી.એમ.સી.બોટાદના ચેરમેનશ્રી મનહરભાઈ માતરીયા, મધુસુદન ડેરીના ચેરમેન શ્રી ભોળાભાઈ રબારી, ભાવનગર જિલ્લા સહકારી સંઘના ચેરપર્સન શ્રીમતી નીપાબેન મહેતા, બોટાદ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી વનરાજસિંહ ડાભી ઉપસ્થિત રહ્યા હતા.

એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી મનહરભાઈ માતરીયાએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારથી સમૃધ્ધિના આપેલ સૂત્રને ચરિતાર્થ કરવા આપણે આવા સેમિનાર થકી તાલીમ મેળવી નવી નવી યોજના અને કાયદા વિશે જાણકારી મેળવી તેનો અમલ કરવાની જવાબદારી આપણા સૌની છે. મધુસુદન ડેરીના ચેરમેનશ્રી ભોળાભાઈ રબારીએ જણાવ્યું કે, આપણો બોટાદ જિલ્લો નવો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી જુદી જુદી સહકારી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. છેવાડાના માણસને સહકારી પ્રવૃત્તિનો લાભ મળે તે માટે આપણે સક્ષમ બનવું પડશે.




બોટાદ જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી વનરાજસિંહ ડાભીએ આવેલ સૌ પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત કરી જિલ્લા સહકારી સંઘની પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી. ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના સી.ઈ.ઓ. શ્રી દુષ્યંતસિંહ વાઘેલાએ ફેડરેશનની સ્થાપના અંગે અને ફેડરેશનના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ અમીને ફેડરેશનની ધૂરા સંભાળી તે બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. એક્ષપર્ટ તરીકે શ્રી વૈકુંઠભાઈ મહેતા કો-ઓપ. મેનેજમેન્ટ સેન્ટર-નારી (ભાવનગર) ના અધ્યાપક શ્રી સંદિપભાઈ ઠાકર ધ્વારા કસ્ટમર રીલેશનશીપ મેનેજમેન્ટ અને બિઝનેસ એક્ષપાન્શન ઈન કો-ઓપ. ક્રેડિટ સોસાયટી વિષય અંગે માર્ગદર્શન આપ્યું હતું.

83 મી વાર્ષિક સાધારણ..... પાના નંબર : 4નું અનુસંધાન

સંઘની સાધારણ સભાનું એજન્ડા મુજબનું કામ શ્રી જયેશભાઈ પટેલ દ્વારા હાથ ધરાયું હતું. જે કામો સર્વાનુમતે મંજૂર કરાયા હતા. જેમાં ગત સભાના ઠરાવો, નાણાંકીય બજેટ, મંડળીઓને ૧૫ ટકા ડિવિડન્ડ વગેરે બાબતોના ઠરાવો સભાસદોએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા.

વિવિધ સહકારી મંડળીઓના હોદ્દેદારોનું સન્માન કરાયું હતું. ખેડા અને આણંદ જિલ્લાની સહકારી મંડળીઓના સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં આભારવિધિ સંઘના ચેરમેન જયરામભાઈ દેસાઈએ કરી હતી.

આંતરરાષ્ટ્રિય સહકારિતા..... પાના નંબર : 1નું અનુસંધાન

ભેટ આપે છે તેની પણ મર્યાદા વધારી છે, અને ડિરેક્ટરોના ભાડાભથ્થામાં પણ સુધારો કરવામાં આવ્યો છે. તેજ રીતે હાઉસિંગ સોસાયટીઓમાં ટ્રાન્સફર ફી અને ડેવલોપમેન્ટ ફી પેટે મોટી રકમ લેવામાં આવતી હતી. તેના બદલે રુપિયા 1 લાખથી વધુ કોઈ પણ ફી લઈ શકશે નહીં તેવો સુધારો કરવામાં આવ્યો છે. જે સહકારી ક્ષેત્ર માટે મહત્વની બાબત છે.

શ્રી અમીને રાજ્ય સહકારી સંઘના સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર - અમદાવાદ દ્વારા મેળવવામાં આવેલ સિદ્ધિની વાત કરતા જણાવ્યું હતું કે, નાબાર્ડની પેટા સંસ્થા બેન્કિંગ ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ BIRD, (બર્ડ) લખનૌ દ્વારા ગુજરાત રાજ્ય સહકારી સંઘ સંચાલિત 3 જુનિયર ટ્રેનિંગ સેન્ટરો સુરત, અમદાવાદ અને ભાવનગરને એક્રિડિટેશન આપવામાં આવ્યું છે. જે સમગ્ર દેશના રાજ્ય સહકારી સંઘોમાં આ એક્રિડિટેશન મેળવનાર ગુજરાત રાજ્ય સહકારી સંઘ પ્રથમ રાજ્ય સંઘ છે. જે આપણા માટે ગૌરવ પ્રદ બાબત છે. અને હમણાં થોડા દિવસ પહેલાં જ દેશના બર્ડ, લખનૌ દ્વારા એક્રિડિટેશન આપેલ 60 જેટલી સંસ્થાઓને સંસ્થાની કામગીરીની ઉપલબ્ધિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, તથા વર્ષ દરમિયાન કરવામાં આવેલી ઈનોવેટિવ કામગીરી અંગે રિસર્ચ પેપર તૈયાર કરવા જણાવ્યું હતું. આ રિસર્ચ પેપરનું બર્ડ લખનૌની કમિટી સમક્ષ રિપ્રેઝન્ટેશન કરવાનું હતું. જે રાજ્ય સહકારી સંઘના ઓફિસર દ્વારા તે તૈયાર કરી લખનૌ બર્ડમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર દેશના 60 સેન્ટરોમાંથી આપણા અમદાવાદ સેન્ટરનો ત્રીજો નંબર આવ્યો છે. આરબીઆઈના ડાયરેક્ટરશ્રી સતિષ મરાઠેના હસ્તે શિલ્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવેલ છે. જે આપણા રાજ્ય સંઘની મોટી સિદ્ધિ ગણાય. અને રાજ્ય સહકારી સંઘ દ્વારા અદ્યતન ટ્રેનિંગ આપવામાં આવે છે તેની જાણકારી સમગ્ર દેશમાં થઈ છે.

રાજ્ય સહકારી સંઘની કામગીરીનો વિગતે વિસ્તૃત ચિતાર રજૂ કરી શ્રી અમીને જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા દર પંદર દિવસે ફોર કલરમાં સહકાર પાક્ષિક પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેની નકલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમ જ સહકાર મંત્રાલય અને રાજ્યના તમામ મંત્રીશ્રીઓને, દરેક સરકારી ખાતામાં મોકલી આપવામાં આવે છે. સહકાર મંત્રાલયે આપણા સહકાર પાક્ષિકમાં છપાતા સમાચારોનો તેનો અભ્યાસ કરી આપણાં સહકાર પાક્ષિકની નોંધ લીધી છે. અને સમગ્ર દેશના રાજ્ય સહકારી સંઘોને સહકાર મંત્રાલયે ઈ મેઈલ દ્વારા જણાવ્યું છે કે, ગુજરાત રાજ્ય સહકારી સંઘની જેમ સહકાર પ્રચાર પ્રસાર માટે સામાયિક પ્રસિદ્ધ કરવું જોઈએ. અને તેમાં રાષ્ટ્રિય, રાજ્યના, જિલ્લાના સહકારી સમાચારો પ્રસિદ્ધ કરી લોકોમાં માહિતી પહોંચાડવી જોઈએ. સહકાર મંત્રાલય દ્વારા કરવામાં આવેલ ઈમેઈલમાં નમુનારૂપ તા. 5, જુલાઈ, 2025ના આપણાં સહકાર પાક્ષિકની નકલ પણ બિડાણ કરી છે. આમ, કેન્દ્ર સરકારના સહકાર મંત્રાલયે સહકાર પાક્ષિકની નોંધ લીધી છે. તે આપણા માટે ગૌરવપ્રદ બાબત ગણાય.

સમગ્ર રાજ્યમાંથી ઉપસ્થિત સભાસદોનું ઉષ્માભર્યુ સ્વાગત કરતાં સંઘના માનદમંત્રીશ્રી અરવિંદભાઈ તાગડિયાએ જણાવ્યું હતું કે, આજે યુનોએ સહકારિતાની મહત્તાને સમજીને વર્ષ 2025ને આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ જાહેર કર્યુ છે અને તે પહેલા વર્ષ 2012ને પણ આંતરરાષ્ટ્રિય વર્ષ જાહેર કર્યુ હતું. જેથી વિશ્વ કક્ષાએ સહકારી ક્ષેત્રની નોંધ લેવાય છે. ભારતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલયની સ્થાપના થઈ છે જે સહકારી ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત છે.

સભામાં અહેવાલના વર્ષ દરમ્યાન અવસાન પામેલ સંઘના ડિરેક્ટર્સ અને પૂર્વ ઉપાધ્યક્ષશ્રી જયવંતસિંહ જાડેજા, વિમાન દૂર્ઘટનામાં મૃત્યુ પામેલ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને 260 જેટલા સહપ્રવાસીઓને 2 મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. સંઘના માનદમંત્રીશ્રી ભીખુભાઈ પટેલ અને ડિરેક્ટરશ્રી બિપિનભાઈ પટેલનું કૃભકોમાં ડિરેક્ટરપદે ચૂંટાવા બદલ બહુમાન કરવામાં આવ્યું હતું. સંઘના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીનને દેશની લાર્જેસ્ટ બેંક એવી કોસમોસમાં ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવીને સંઘનું ગૌરવ વધારવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. રાજેન્દ્ર ત્રિવેદીએ આભારવિધિ કરી હતી અને સભાનું સંચાલન સંઘના નિવૃત્ત માહિતી અધિકારી શ્રી સી.જે.દવેએ કર્યું હતું.

શ્રી હડીયાણા સેવા..... પાના નંબર : 2નું અનુસંધાન

સ્થાપના કરીને ખેતી માટે અગત્યના બિયારણો, જૈવિક ખાતરો અને ખેત ઉત્પાદનના સારા ભાવ મળી રહે તે માટે ત્રણ રાષ્ટ્રીય કક્ષાની સહકારી સંસ્થાઓ પ્રોજેકટ કરી છે.

આ સંસ્થાઓ દ્વારા ખેડૂતોને ખૂબજ લાભ થશે, એટલુંજ નહીં સહકારી પ્રવૃતિ મજબૂત બનશે. આ સેમિનારમાં ખાસ ઉપસ્થિત શ્રી જામનગર જિલ્લા બેન્કના મેનેજિંગ ડિરેકટરશ્રી ધરમશીભાઈ ચનિયારાએ પ્રસંગોચિત વકતવ્ય આપેલ. સેમિનારમાં ઉપસ્થિત કૃભકોના માર્કેટિંગ મેનેજરશ્રી નિરંજનભાઈ ઘાડીયાએ ખેડૂતોને ખાતરના વપરાશ ઉપર વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી. મંડળીની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી મંડળીના પ્રમુખશ્રી અને જામનગર જિલ્લા સહકારી સંઘના ડાયરેકટરશ્રી મગનભાઈ કાનાણીએ કરેલ. આભારવિધિ મંડળીના પ્રમુખશ્રી મગનભાઈ કાનાણીએ કરેલ.

નવી રાષ્ટ્રીય નીતિ..... પાના નંબર : 1નું અનુસંધાન

સંસ્થાઓમાં રૂપાંતરિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

સમાવેશકતા પર ભાર મૂકી, સહકારી નીતિ દ્વારા દેશના દરેક ખૂણા સુધી પહોંચવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. યુવાનો અને મહિલાઓની સક્રિય ભાગીદારી દ્વારા સાચી જન ચળવળ બનશે.

પાંચમો સ્તંભ સહકારી સંસ્થાઓને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં પ્રવેશવા માટે પ્રોત્સાહિત કરે છે સાથે પર્યાવરણ અને ટકાઉપણું માટે અર્થતંત્રને પણ પ્રોત્સાહન આપે છે.

છેલ્લો સ્તંભ યુવાનોને સહકારી સંસ્થાઓમાં કારકિર્દી બનાવવા માટે પ્રેરિત કરીને, ઉચ્ચ-ગુણવત્તાવાળા સહકાર કેન્દ્રિત અભ્યાસક્રમો શરૂ કરીને અને ક્ષેત્રમાં કુશળતા, કૌશલ્ય અને રોજગારની તકો માટે મજબૂત અર્થતંત્ર વિકસાવીને સહકારી વિકાસ માટે યુવા પેઢીને આકાર આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

શ્રી અમિતભાઈ શાહે ભાર પૂર્વક જણાવ્યું હતું કે, આ નીતિ એક પરિવર્તનકારી માળખા તરીકે સેવા આપશે, જે સહકારી સંસ્થાઓને ભારતના આર્થિક વિકાસમાં અને 'સહકાર સે સમૃદ્ધિ' ના વિઝનને સાકાર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવવા સક્ષમ બનાવશે.

રાષ્ટ્રીય સહકારી નીતિના લોન્ચિંગ સમયે નીતિના ઘડતરની ટીમનું નેતૃત્વ કરનારા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી સુરેશ પ્રભુએ સહકારી નીતિને 'સહકારી ક્ષેત્રનું પંચતંત્ર' ગણાવ્યું હતું.

તેમણે કહ્યું કે આ નીતિ ફક્ત સુધારા માટેની રૂપરેખા નથી, પરંતુ ભારતમાં સહકારી સંસ્થાઓના સર્વાંગી વિકાસ માટે જ્ઞાન, દિશા અને વ્યૂહરચનાનો માર્ગદર્શક દસ્તાવેજ છે.

આ નીતિનો ઉદ્દેશ્ય માત્ર સહકારી અર્થ વ્યવસ્થાને મજબૂત બનાવવાનો નથી પરંતુ નાગરિકોને સશક્ત બનાવીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાનો પણ છે. 'તે પંચતંત્રની જેમ આપણા મૂલ્યોના મૂળમાં રહીને ભવિષ્યના વિકાસ માટે એક રોડમેપ પ્રદાન કરે છે.

# યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી ખાતે એ.ડી.સી.યુ. હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ

અમરેલી:- અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી ગાયત્રી મંદિર ચિતલ રોડ ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘ અને નારી ફેશનના સંયુક્ત ઉપક્રમે ચાર દિવસીય ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રદર્શનમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી નગરપાલિકા શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી તુષારભાઈ જોષી, અમરેલી જિલ્લા સહકારી સંઘની યુવા સમિતિના અધ્યક્ષ શ્રી જીગ્નેશભાઈ રામાણી, યુવા સમિતિના ડાયરેક્ટર શ્રી રવિભાઈ પંડ્યા અમરેલી જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાર્ગવભાઈ ત્રિવેદી, નગરપાલિકા ના પૂર્વ અધ્યક્ષ શ્રી અલ્કાબેન ગોંડલીયા ઉપસ્થિત રહ્યા હતા.



# રાજ્ય સહકારી સંઘે સહકારી શિક્ષણ અને તાલીમ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું

લખનૌ : નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) જે સ્ટેટ કો-ઓપરેટિવ બેન્કો, જિલ્લા સહકારી બેન્કો અને પેક્સ મંડળીઓને ધિરાણ કરતી સંસ્થા છે. આ બેન્કોના અધિકારીઓને ટ્રેનિંગ આપવા માટે નાબાર્ડ દ્વારા નવેમ્બર, 1984માં બેન્કિંગ ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ BIRD, (બર્ડ) લખનૌની સ્થાપના કરવામાં આવી છે. જે વ્યાપારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેન્કો અને ગ્રામીણ વિકાસને લગતું કામ કરતી સંસ્થાઓને શિક્ષણ અને તાલીમ આપવાનું કામ કરે છે. તેના દ્વારા અત્યાર સુધી આપણાં રાજ્યમાં ઉદયભાણસિંહજી કો-ઓપરેટિવ રિજિયોનલ ઈન્સ્ટિટ્યૂટ અને એનઆઈસીએમ, ગાંધીનગરને આ તાલીમ આપવાનું એક્રિડિટેશન આપવામાં આપ્યું હતું. પરંતુ ચાલુ વર્ષે... રાજ્ય સહકારી સંઘે નાબાર્ડ બર્ડ સાથે કોરસપોન્ડન્સ કરી રાજ્ય સહકારી સંઘના ત્રણ તાલીમ કેન્દ્ર અમદાવાદ, સુરત અને ભાવનગરના અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમ્પ્યુરાઈઝ અને તમામ સુવિધા વાળા બનાવવામાં આવ્યા છે. અને ક્વોલીફાઈડ સ્ટાફ અને બર્ડના નોમ્સ મુજબની તમામ પ્રકારની સગવડો આ ત્રણેય કેન્દ્રમાં ઉપલબ્ધ છે. આથી રાજ્ય સહકારી સંઘને પણ આ એક્રિડિટેશન મળવું જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી હતી.

આ અનુસંધાનમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘના તાબા હેઠળના 3 જુનિયર ટ્રેનિંગ સેન્ટરો સુરત, અમદાવાદ અને ભાવનગરની તાલીમ, શિક્ષણ, પ્રચાર પ્રસાર અને સંશોધનની કામગીરીના અભ્યાસ મૂલ્યાંકન માટે નાબાર્ડ - બર્ડ, લખનૌમાંથી 4 સભ્યોનું પ્રતિનિધિમંડળ જુલાઈ - 2024માં આવ્યું હતું. તેણે ત્રણેય કેન્દ્રોમાં મુલાકાત લઈ ત્યાં બે - બે દિવસ રોકાઈને રાજ્ય સહકારી સંઘ સંચાલિત તાલીમ કેન્દ્રોના ક્વોલીફાઈ સ્ટાફ, તેમના દ્વારા આપવામાં આવતી તાલીમ અને વર્ગો અને અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભ્યાસ કર્યો હતો. આ અંગે રિપોર્ટ તૈયાર કરી બર્ડ લખનૌ હેડ ઓફિસમાં આપ્યો. આ અભ્યાસ મૂલ્યાંકનના આધારે રાજ્ય સંઘના ત્રણ તાલીમ કેન્દ્રો સુરત, ભાવનગર અને અમદાવાદને બર્ડનું એક્રિડિટેશન આપવામાં આવ્યું છે. જે સમગ્ર દેશમાં કોઈ પણ રાજ્ય સહકારી સંઘને આ એક્રિડિટેશન મળ્યું ન હતું. પણ ગુજરાત રાજ્ય સહકારી સંઘને સૌ પ્રથમવાર આ એક્રિડિટેશન મળેલ છે. જેથી રાજ્ય સહકારી સંઘે સહકારી શિક્ષણ અને તાલીમ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

બર્ડ, લખનૌ દ્વારા દેશમાં 62 જેટલી સંસ્થાઓને એક્રિડિટેશન આપેલ છે. આ 62 જેટલી સંસ્થાઓને સંસ્થાની કામગીરીની ઉપલબ્ધિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા વર્ષ દરમિયાન કરવામાં આવેલી ઈનોવેટિવ કામગીરી અંગે રિસર્ચ પેપર તૈયાર કરવા જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય સહકારી સંઘના ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદની ટીમ દ્વારા રિસર્ચ પેપર તૈયાર કરી મોકલી આપવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાંથી કુલ 62 જેટલી એક્રિડિટેશન વાળી સંસ્થાઓએ મોકલેલ રિસર્ચ પેપરમાંથી બર્ડ દ્વારા 7 સંસ્થાઓના રિસર્ચ પેપરની પસંદગી કરવામાં આવી હતી. આ 7 સંસ્થાઓએ તેમની કામગીરી અંગેના રિસર્ચ પેપરનું બર્ડ લખનૌની કમિટી સમક્ષ રિપ્રેઝન્ટેશન કરવાનું હતું.

બર્ડ લખનૌ દ્વારા તા. 21-22 ઓગસ્ટ, 2025ના રોજ (BIRD) - નાબાર્ડ, લખનૌ ખાતે 14મા ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ ઓફ કો-ઓપરેટિવ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સ (CTIs) યોજવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં 7 સંસ્થાઓ દ્વારા રિસર્ચ







**સમગ્ર દેશમાંથી ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદ તૃતીય નંબરે**

પેપરો રિપ્રેઝન્ટેશન કરવામાં આવ્યાં હતાં. આ કોન્ફરન્સમાં દેશભરની સહકારી તાલીમ સંસ્થાઓએ ભાગ લીધો હતો.

આ રિસર્ચ પેપર ગુજરાત રાજ્ય સહકારી સંઘના ઓફિસરશ્રી દીપશીખા ઠાકુર દ્વારા લખનૌ બર્ડની આ ફોન્ફરન્સમાં રજૂ કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશના 62 સેન્ટરોમાંથી ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદ સેન્ટરનો ત્રીજો નંબર આવ્યો હતો. અને આરબીઆઈના ડાયરેક્ટરશ્રી સતિષ મરાઠેના હસ્તે શિલ્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવેલ. જે આપણા ગુજરાત રાજ્ય અને સહકારી ક્ષેત્રની તથા રાજ્ય સહકારી સંઘની મોટી સિદ્ધિ ગણાય. આમ, રાજ્ય સહકારી સંઘના અમદાવાદ, ભાવનગર અને સુરત ટ્રનિંગ સેન્ટરોની ગણના રાષ્ટ્રિય કક્ષાના એટલે કે ઉચ્ચ કક્ષાના ટ્રેનિંગ સેન્ટરોમાં કરવામાં આવી છે.

**દેશ લેવલે સહકાર પાક્ષિકની પ્રશંસા**

# કેન્દ્રના સહકાર મંત્રાલયે રાજ્ય સહકારી સંઘના "સહકાર" પાક્ષિકને આદર્શ ન્યૂઝ પેપરરૂપે સ્વીકાર્યું

અમદાવાદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા છેલ્લા 73 વર્ષથી નિયમિત રીતે "સહકાર" પાક્ષિકનું પ્રકાશન કરવામાં આવે છે. જેમાં છેલ્લા 32 વર્ષથી શ્રી ઘનશ્યામભાઈ અમીનના માર્ગદર્શન મુજબ સહકારના વિવિધ ક્ષેત્રોને ધ્યાનમાં રાખી સમાચારો પસંદ કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને ગ્રામ્ય કક્ષાની સહકારી ક્ષેત્રની મહત્વપૂર્ણ ઘટનાઓ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના સહકારી મંતવ્યો અને તે અંગેની શીખ, ખેતી, પશુપાલન, બેન્કિંગ, ગ્રામવિકાસ, સહકારી શિક્ષણ અને તાલીમ, ટેક્નોલોજી, મહિલા સશક્તીકરણ, રોજગારી, સહકારી સફળતા ગાથાઓ પ્રકાશિત કરવામાં આવે છે. આ ઉપરાંત સહકારી આગેવાનોનો પરિચય અને તેમની ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવવામાં આવે છે. તેમ જ સહકાર મંત્રાલય, સહકાર રજિસ્ટ્રારશ્રીના પરિપત્રો, નાબાર્ડ, કૃષિ - સહકાર વિભાગની રાષ્ટ્રિય - રાજ્યની વિવિધ સરકારી યોજનાઓ તથા નીતિઓની માહિતી આપવામાં આવે છે. તથા સહકારી ક્ષેત્રની નવી પહેલો, નીતિઓ અને યોજનાઓ, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયોના સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ સહકાર પાક્ષિકનું કેન્દ્રનું સહકાર મંત્રાલય અને તેના અધિકારીઓ સતત મૂલ્યાંકન કરતા હતા. આખરે સહકાર વિભાગે નક્કી કર્યું કે, સહકારી જગતના સમાચાર અને સમજ માટે આ એક આદર્શ ન્યૂઝપેપર છે. અને આ સહકાર પાક્ષિક દ્વારા નિયમિત વાચકોને સહકારી પ્રવૃત્તિ તથા સરકારની નીતિઓ વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ આ પાક્ષિક ગુજરાત રાજ્ય સહકારી સંઘનું હોવાથી તે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. આથી તે માત્ર ગુજરાતના સહકારી સભાસદો અને કર્મચારીઓને તેનો લાભ મળે છે. તેથી આનું અનુકરણ કરી આવા જ પ્રકારના ન્યૂઝ લેટર દેશના દરેક રાજ્ય સહકારી સંઘોએ તેમની ભાષામાં ઉપરોક્ત


ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર
સહકાર
દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક
International Year of Cooperatives 2025
'આત્મનિર્ભર ભારત'તરફ આ એક મહત્વપૂર્ણ પગલું હશે
સહકારી ખાદ્ય અનાજ સંગ્રહ યોજનાની સમીક્ષા કરતાં શ્રી અમિતભાઈ શાહ
દરેક ગામ અને તાલુકામાં સહકારી ક્ષેત્રને લઈ જવા માટે
આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025 ને આધાર બનાવો: શ્રી અમિતભાઈ શાહ
આ માટેની પ્રથમ સંયુક્ત કાર્યકારી જૂથ (JWG)ની બેઠક વર્ચ્યુઅલ રીતે યોજાઈ
બેંકોની મજબૂત નાણાંકીય કામગીરી તેમની ક્રેડિટ પ્રોફાઈલને ટેકો આપશે
મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ એક્ટ હેઠળ નોંધણી : સહકાર ટેક્સી શરૂ થઈ

સમાચારોનો સમાવેશ કરી પ્રસિદ્ધ કરવા જોઈએ. જેથી દેશના તમામ રાજ્યમાં સહકારી કર્મચારીઓ, સભાસદો અને લોકો સુધી સહકારી લાભાલાભ તથા તે અંગેના સાંપ્રત પ્રવાહોથી માહિતગાર રહી શકે. તેથી કેન્દ્રીય સહકાર મંત્રાલયના સહાયક વિભાગના અધિકારી શ્રી કમલેશ કુમાવત દ્વારા દેશભરના તમામ રાજ્ય સહકારી સંઘોને ઈ - મેઈલ મોકલવામાં આવ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે, રાજ્ય સહકારી સંઘો મહત્વની એપેક્ષ સહકારી સંસ્થાઓ છે. તેની જવાબદારી છે કે સહકારી આંદોલનનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય. સહકાર મંત્રાલયે છેલ્લા ચાર વર્ષમાં વિવિધ યોજનાઓ, નીતિઓ અને પહેલો જાહેર કરી છે. તેના લાભાલાભની માહિતી દેશના રાજ્ય સહકારી સંઘોએ પ્રિન્ટ મીડિયા તથા સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા રાજ્યની સહકારી સંસ્થાઓ, સભાસદો અને લોકો સુધી પહોંચાડવી જોઈએ.

સહકાર મંત્રાલય દ્વારા માર્ગદર્શન રૂપ આદર્શ સહકારી ક્ષેત્રના ન્યૂઝ પેપર રૂપે રાજ્ય સહકારી સંઘના સહકાર પાક્ષિકના તા. 5 જુલાઈ, 2025ના અંકની નકલ ઈ-મેઈલમાં બિડાણમાં લગાવી મોકલી છે. ગુજરાત રાજ્ય સહકારી સંઘ જે હંમેશા રાજ્ય, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સહકારી નીતિઓ અને યોજનાઓની માહિતી નિયમિત ફોર કલરમાં પ્રસિદ્ધ કરે છે. જેનાથી સહકારી જગતને સહકાર અંગેનું માર્ગદર્શન મળી રહે છે. આમ, કેન્દ્ર સરકારે પણ ગુજરાત રાજ્ય સહકારી સંઘના "સહકાર" પાક્ષિકના સમાચારોની વિવિધતા, ગુણવત્તા અને સાંપ્રત માહિતીપ્રદ સમાચારોને ધ્યાનમાં રાખી આદર્શ ન્યૂઝ પેપર ગણ્યું છે. દેશના અન્ય રાજ્ય સહકારી સંઘોને આ રીતે ન્યૂઝ પેપર પ્રકાશિત કરવાની અપીલ કરી છે.

આ અગાઉ સહકાર સાપ્તાહિકને 2006-2007ના વર્ષમાં તારીખ 30/12/2006ના રોજ હૈદરાબાદ મુકામે એન. સી. યુ. આઈ. દ્વારા યોજાયેલા 'બેસ્ટ એવોર્ડ ડિસ્ટ્રિબ્યુશન' કાર્યક્રમમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રી રાજશેખર રેડ્ડીના વરદ હસ્તે શ્રી ઘનશ્યામભાઈ અમીનને 'ઑલ ઈન્ડિયા બેસ્ટ કો-ઓપરેટિવ જનરલ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

**ધી ખેડા જિલ્લા ખરીદ વેચાણ સંઘ લિ. નડિયાદ દ્વારા યોજિત**

# 83 મી વાર્ષિક સાધારણ સભા, સ્નેહ મિલન અને 100 ટન ક્ષમતા રાસાયણિક ખાતર સ્ટોરેજ ગોડાઉન શુભારંભ કાર્યક્રમ

ખેડા : ધી ખેડા જિલ્લા ખરીદ વેચાણ સંઘ લિ. નડિયાદ દ્વારા 83 મી વાર્ષિક સાધારણ સભા, આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ નિમિત્તે સહકારી મંડળીઓનું સ્નેહ મિલન અને 100 ટન ક્ષમતા ધરાવતા રાસાયણિક ખાતર સ્ટોરેજ ગોડાઉનનો શુભારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ, સંસદ સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલ, ગુજરાત રાજ્ય સહકાર સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીન, અમૂલ ડેરી પૂર્વ ચેરમેન શ્રી રામસિંહભાઈ, કેડીસીસી બેંકના પૂર્વ ચેરમેન શ્રી ધીરુભાઈ ચાવડા, ખરીદ વેચાણ સંઘના ચેરમેનશ્રી જયરામભાઈ દેસાઈ, વા.ચેરમેન શ્રી રોનકભાઈ, જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી રાજુભાઈ પેટેલ, APMC ચેરમેનશ્રી નિલેશભાઈ પટેલ, શ્રી ધવલભાઈ, પૂર્વ સંઘના ચેરમેન શ્રી મહેશભાઈ સહિત સહકારી ક્ષેત્રના જિલ્લાના સહકારી આગેવાનો, સહકારી મંડળીઓના ચેરમેન, સેક્રેટરીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખેડા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેનશ્રી જયરામભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સંઘે રૂ. 41 લાખ જેટલો નફો કર્યો છે. આગામી વર્ષે જિલ્લા ખરીદ વેચાણ સંઘ દ્વારા રૂ. 1 કરોડનો નફો કરવાનો ઉદ્દેશ છે.

ખેડાના સાસંદ અને પૂર્વ કેન્દ્રિય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ખેડૂતો માટે જિલ્લા ખરીદ વેચાણ સંઘ ખૂબ સક્રિય રહી કામ કરે છે. રાષ્ટ્રના વિકાસમાં સહકારી ત્રિસ્તરીય માળખાની વ્યવસ્થા મહત્વનું યોગદાન આપી શકે તેમ છે. અને સહકારી ક્ષેત્રે વિશ્વસનિયતા મહત્વની છે. જેના થકી ખેડૂતોની સેવા થતી રહે.

આ પ્રસંગે નડિયાદ ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ દંડક તેમજ વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના અધ્યક્ષશ્રી પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ખેડૂતોએ રાસાયણિક ખાતર સાથે કુદરતી ખાતરનો ઉપયોગ કરવો તે જરૂરી છે. ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો મહત્તમ લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા સંસ્થાને અપીલ કરી હતી. ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોના હિતની વાત કેન્દ્ર સ્થાને હોવી જોઈએ, ખેડૂતોને જોઈતું ખાતર સમયસર અને પૂરતા પ્રમાણમાં મળી રહેવું જોઈએ. નકલી દવાઓ, નકલ બિયારણો વગેરે બાબતે સાવધાની દાખવી ખેડૂતોને નુકસાનમાંથી ઉગારવા જોઈએ.

અમૂલના પૂર્વ ચેરમેન રામસિંહ પરમારે સંસ્થાએ કરેલા વિકાસને અભિનંદન પાઠવ્યા હતા. સહકારી મિત્રોએ સહકારી ભાવનાથી પારદર્શક વહીવટ કરવો જોઈએ.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ અંગે જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ વિશ્વમાં વિવિધ દેશના ટકાઉ આર્થિક વિકાસમાં સહકારી મોડેલના મહત્વને સ્વીકાર્યું છે. પુનઃ 2025ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કર્યું છે. જે સહકારિતાના મહત્વને ઉજાગર કરે છે. અગાઉ યુનોએ 2012ના વર્ષને સહકારી વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યું હતું. તે પહેલાં સને 2008થી 2010 દરમિયાન સમગ્ર વિશ્વ આર્થિક મંદીમાં સપડાઈ ગયું હતું. ત્યારે યુનોએ 2011માં આ મંદીના સર્વે માટે એક ટીમ બનાવેલી. આ ટીમે વિશ્વના તમામ આર્થિક સાહસોનો સર્વે કર્યા પછી તારણ કાઢ્યું કે, વિશ્વની મોટી મોટી પબ્લિક લિ. કંપનીઓ, પ્રાઈવેટ કંપનીઓ તથા સરકારી આર્થિક સાહસોનો આ મંદીના કારણે ગ્રોથ અટકી ગયો હતો.




અને કેટલાંક તો નુકસાનીમાં આવી બંધ થવાની તૈયારીમાં હતા. આ સમયે યુનોને સહકારી ક્ષેત્રના આર્થિક સાહસોના અભ્યાસમાં જાણવા મળ્યું કે, સહકારી સાહસોએ તો ગ્રોથ કરી પ્રોફિટ કર્યો છે. 13 વર્ષના ટૂંકાગાળામાં જ યુનો પુનઃ 2025ના વર્ષને 'કૉ-ઓપરેટિવ્સ બિલ્ડ ધ બેટર વર્લ્ડ' વિષય વસ્તુ નિર્ધારિત કરીને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. તેની શરૂઆત 25, નવેમ્બર - 2024ના રોજ ન્યૂ દિલ્હીમાં ભારતીય મંડપમમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આંતરરાષ્ટ્રિય સહકારી સંઘ (આઈસીએ)ની ગ્લોબલ કોન્ફરન્સથી કરવામાં આવ્યો હતો.

ખેડા જિલ્લા સહકારી ખરીદ વેચાણ

અનુસંધાન પાના નંબર : 3

**4000 MSME કંપનીઓને આનાથી લાભ મળશે**

# NABARD દ્વારા MSME : GI ટેગવાળા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પહેલ

નવી દિલ્હી : નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD) ટૂંક સમયમાં ગ્રામીણ વિસ્તારોમાં MSMEs માટે રાષ્ટ્રીય કૌશલ્ય વિભાગના સહયોગથી 4000 સાહસો માટે એક યોજના શરૂ કરી રહી છે. આમાં, તે ગ્રામજનોને વ્યવસાય તાલીમ, પુનર્ધિરાણ, માર્કેટિંગ અને ઉત્પાદનોનું બ્રાન્ડિંગ અને તેમના ઉત્પાદનો વેચવામાં મદદ કરશે. NABARD ના ચીફ જનરલ મેનેજર ડૉ. બી.આર. પ્રેમીએ જણાવ્યું હતું કે નાબાર્ડ હવે MSME ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. અમે ગ્રામીણ સંસ્થાઓ અને સહાયક સંસ્થાઓ દ્વારા અહીં કૃષિ અને બિન-કૃષિ ક્ષેત્રો સંબંધિત સાહસોને પહેલાથી જ પ્રોત્સાહન આપી રહ્યા છીએ. આ સાથે, હવે અમે ગ્રામીણ વિસ્તારોના ગ્રામીણ સાહસો અને MSME ને જોડી રહ્યા છીએ. આ માટે, નાબાર્ડે તેની માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે અને ગ્રામીણ MSME નીતિ શરૂ કરવામાં આવી છે.

**કુલ લોનના 40 ટકા MSME ક્ષેત્ર માટે છે. આમાં કૃષિ ક્ષેત્ર, મહિલા સહકારી મંડળીઓ, વણકર, ફૂડ પ્રોસેસિંગ અને ગ્રામીણ સ્ટાર્ટઅપ્સ જેવા ઘણા ક્ષેત્રોનો સમાવેશ થાય છે**

ડો. બી. આર. પ્રેમીએ વધુમાં જણાવ્યું હતું કે, અમે સરકારના રાષ્ટ્રીય કૌશલ્ય વિભાગ સાથે સહયોગથી 4000 ગ્રામીણ સાહસ પ્રમોશનલ ઓર્ગેનાઈઝેશન યોજના શરૂ કરી રહ્યા છીએ. આમાં લગભગ 1.5 લાખ લોકો જોડાશે. આમાં, તેમને ઉદ્યોગ પોર્ટલ પર વ્યવસાય નોંધણી, ઉત્પાદનોનું બ્રાન્ડિંગ અને માર્કેટિંગ, ઉત્પાદન, ઉત્પાદનોનું પરીક્ષણ તેમજ પુનર્ધિરાણમાં સહાય આપવામાં આવશે. આ યોજના હેઠળ, MSME ને પુનર્ધિરાણ આપવામાં આવશે, જેમાં 40 ટકા લોન સહાય સરકાર દ્વારા અને 60 ટકા નાબાર્ડ દ્વારા આપવામાં આવશે.

ડો. બી. આર. પ્રેમી એ નાબાર્ડ GI (ભૌગોલિક સંકેત) ટેગિંગમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. તે અંગે જણાવ્યું કે અમે 7 હજાર સંસ્થાઓ સાથે જોડાઈને 100 ઉત્પાદનોનું GI ટેગિંગ પૂર્ણ કર્યું છે. આ માટે નાબાર્ડ પાસે 12 યોજનાઓ છે. આમાં મુખ્ય એક ગ્રામીણ સાહસ પ્રમોશનલ ઓર્ગેનાઈઝેશન યોજના છે. જેના દ્વારા વણકરો, સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો અને મજૂરો અમારી સાથે જોડાય છે. આ યોજનાઓ ઉત્પાદન ક્ષમતા વધારવા, માર્કેટિંગ, ઉત્પાદન અને GI ટેગ માટે નોંધણી કરાવવામાં મદદ કરે છે. આમાં હેન્ડલૂમ, રમકડાં, ફૂટવેર અને ફુડ પ્રોસેસિંગ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનોની પોતાની પ્રાદેશિક વિશેષતા છે, જે બનાવવામાં ઘણો સમય લાગે છે. સ્થાનિક બજાર તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં તેમની માંગ છે, અને તે ખરીદવા માટે ઘણા પૈસા ખર્ચ થાય છે. ઘણી વખત GI ટેગિંગ પછી આ ઉત્પાદનોનો પ્રચાર થતો નથી, આ માટે NABARD બજાર મેળવવામાં મદદ કરી રહ્યું છે, સાહસો અને ખેડૂતોને તેના વિશે સલાહ આપી રહ્યું છે અને નાણાકીય સહાય અને માર્કેટિંગ પૂરું પાડી રહ્યું છે. NABARD ડાયરેક્ટ ફાઈનાન્સ આપતું નથી, અમે રિફાઈનાન્સ કરીએ છીએ. અમારી કુલ લોનના 40 ટકા MSME ક્ષેત્ર માટે છે. આમાં કૃષિ ક્ષેત્ર, મહિલા સહકારી મંડળીઓ, વણકર, ફૂડ પ્રોસેસિંગ અને ગ્રામીણ સ્ટાર્ટઅપ્સ જેવા ઘણા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ સાથે, NABARD પાસે મેગા પાર્ક અને એગ્રો પ્રોસેસિંગ ક્લસ્ટર માટે રૂ. 2000 કરોડનું ભંડોળ છે, જેમાંથી અત્યાર સુધી રૂ. 1200 કરોડનું ભંડોળ આપવામાં આવ્યું છે.